GJBN150005892026

| | |
|---|---|
| આંક | |
| કેસ દાખલ તા. | ૧૭/૦૮/૨૦૨૬ |
| કેસ રજી.તા. | ૧૭/૦૮/૨૦૨૬ |
| કેસ ફેસલ તા. | ૨૦/૦૮/૨૦૨૬ |
| સમય ગાળો : | વર્ષ–માસ–દિવસ |
| | ૦૦ – ૦૦ –૦૩ |

**મહુવાના ચોથા એડીશ્નલ સેશન્સ જજશ્રીની કોર્ટ તથા મહે. જજ,**

**એફ.ટી.એસ.સી. (પોકસો) કોર્ટ, મહુવા, જી.ભાવનગર**

**ફોજદારી પરચુરણ અરજી નં.–૧૮૭/૨૦૨૬**

કરણભાઈ હમીરભાઈ ખસીયા,
ઉ.વ.૨૮, ધંધો–જેસીબી ડ્રાઈવર,
રહે.ગામ ભોગાળી, પ્લોટ વિસ્તાર,
તા.તળાજા, જી.ભાવનગર
(હાલઃ જીલ્લા જેલ, ભાવનગર) **.....અરજદાર**

**વિરૂધ્ધ**

શ્રી સરકાર **.....સામાવાળા**

**અરજદાર પક્ષ તરફે : વિ.વ.શ્રી પી.પી.જાડેજા.**
**સામાવાળા પક્ષ તરફે : વિ.એ.પી.પી.શ્રી કે.એચ.કેસરી.**

**:: ચુકાદો ::**

(૧) સદર કામમા અરજદાર/આરોપીએ બગદાણા પો.સ્ટે. પાર્ટ–એ ગુ. ર. નં.–૧૧૧૯૮૦૦૭૨૬૦૨૨૩/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(આઈ)(એમ) તથા પોકસો એકટની કલમ–૪, ૬, ૮ મુજબના ગુનાના કામે બી.એન.એસ.એસ.

૨૦૨૩ ની કલમ–૪૮૩ હેઠળ જામીન મેળવવા હાલની અરજી કરેલ છે.

(૨) હાલની અરજી રજુ થતા, સામાવાળા સરકારશ્રીને નોટીસ કાઢવામાં આવેલી અને તે સંદર્ભે ત.ક.અમલદારશ્રી તરફથી અરજીના વિરોધમાં સોગંધનામુ રજુ કરવામાં આવેલ છે. અરજદાર/આરોપી તરફે તેઓના વિ.વ.શ્રી તથા સામાવાળા/સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા.

(૩) ફરીયાદપક્ષની ટુંકમાં હકીકત મુજબ અરજદાર/આરોપીએ ફરીયાદીની સગીર વયની ભોગબનનાર દિકરી ઉ.વ.૧૭ વર્ષ ૧ માસનીને ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ જઈ, ભોગબનનાર સગીર વયની હોવાનું જણાવા છતાં ભોગબનનાર સાથે અવાર નવાર શરીર સંબંધ બાંધી ગુનો કરેલ હોય, તેવો આક્ષેપ અરજદાર/આરોપી સામે મુકવામાં આવેલ છે.

(૪) અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીએ તેઓની દલીલોમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપીને હાલના ગુનામાં ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે. ફરીયાદ અજાણ્યા ઈસમ વિરૂધ્ધ કરવામાં આવેલ છે અને ફરીયાદ મોડી દાખલ કરવામાં આવેલ છે. અરજદાર/આરોપી ગુનાહીત ઈતીહાસ ધરાવતા નથી. અરજદાર/આરોપી પાસેથી ગુનાને લગતો કોઈપણ પ્રકારનો મુદ્દામાલ રીકવર કે ડીસ્કવર કરવામાં આવેલ નથી. અરજદાર/આરોપીને જામીન પર મુક્ત કરવામા આવશે તો તેઓ નાશી ભાગી જાય તેમ નથી. તેમજ નામદાર કોર્ટ ફરમાવે તે શરતોનું પાલન કરવા તૈયાર અને ખુશી છે. આમ, અરજદાર/આરોપીની જામીન અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) જ્યારે ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી કે.એચ.કેસરીની દલીલો સાંભળી. તેઓએ તેમની દલીલોમાં મુખ્યત્વે રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી પોતે પરણીત હોવા છતા અને ચાર સંતાનના પિતા હોવા છતાં સગીર વયની ભોગબનનારનું અપહરણ કરી લઈ

જઈ અને ભોગબનનાર સાથે દુષ્કર્મ આચરેલ છે. તેમજ અરજદાર/આરોપી સામેના ગુન્હાની તપાસ ચાલુ છે. અરજદાર/આરોપીને જામીન પર મુકત કરવામાં આવે તો ફરીયાદપક્ષના સાક્ષીઓને ફેરવવાની કે ધાક ધમકી આપે તેવી પુરી શકયતા રહેલ હોય, તેમજ નાશી ભાગી જાય તેવી શક્યતા રહેલ હોય, અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૬) આ કામે નોટીસ કરતા ભોગબનનારના પિતા/ફરીયાદી કોર્ટ સમક્ષ હાજર થયેલ છે અને અરજદાર/આરોપીની જામીન અરજી સામે મૌખીક વાંધો લીધેલ છે અને અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૭) આમ, ઉપરોક્ત તમામ હકીકત ધ્યાને લેતા, અરજદાર/આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(આઈ)(એમ) તથા પોકસો એકટની કલમ-૪, ૬, ૮ મુજબના ગુન્હાના આક્ષેપો મુકવામાં આવેલ છે. આ કામે રેકર્ડ વંચાણે લેતા અરજદાર/આરોપી પોતે પરણીત અને ચાર સંતાનોના પિતા હોવા છતાં સગીર વયની ભોગબનનારને લલચાવી ફોસલાવી લગ્નની લાલચ આપી અપહરણ કરી લઈ જઈ, અવાર નવાર દુષ્કર્મ આચરેલ હોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાય આવતુ હોય અને અરજદાર/આરોપીની હાલના ગુનામાં ડાયરેક્ટ સંડોવાણી જણાય આવતી હોય, તેમજ હાલના ગુનાની ગંભીરતાને ધ્યાને લેતા તથા ફરીયાદપક્ષે સેવેલ ભયસ્થાનો ધ્યાને લેતા, અરજદાર/આરોપીને જામીન પર મુકત કરવા યોગ્ય અને ન્યાયી જણાય આવતુ ન હોય, જેથી હાલની જામીન અરજી સંદર્ભે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

૧. અરજદાર/આરોપી કરણભાઈ હમીરભાઈ ખસીયાની હાલની રેગ્યુલર જામીન અરજી આથી **નામંજુર** કરવામાં આવે છે.

આજરોજ તા : ૨૦'મી, માહે : ઓગષ્ટ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવ્યો.

મહુવા
તા.૨૦/૦૮/૨૦૨૬

**(અતુલકુમાર એસ. પાટીલ)**
**ચોથા એડીશ્નલ સેશન્સ જજ,**
**ભાવનગર એટ મહુવા.**
**જીજે ૦૦૮૩૬**

HRC